# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-11-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંબાપુર ખાતે 32 કરોડના ખર્ચે બનેલ સંસ્કાર સંકુલનું ઉદઘાટન કર્યું.
2. વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી કરતાં માવજી પટેલ સહિત પાંચ અગ્રણીઓને ભાજપે સસ્પેન્ડ કર્યા
3. રાજ્ય સરકારની નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનામાં લાભાર્થીઓને 214 કરોડની સહાય ચૂકવાઇ
4. વડનગરમાં આજથી બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો પ્રારંભ
5. આવતીકાલથી શરૂ થનારી આબોહવા પરિવર્તન અંગેની 29મી પરિષદમાં નાણામંત્રી કનુ દેસાઇ રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM – CHORYASI SANKUL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોબા - અડાલજ રોડ પર આવેલ અંબાપુર ખાતે ચોર્યાસી કડવા પાટીદાર સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા ૩ર કરોડના ખર્ચે બનેલ સંસ્કાર સંકુલ ભવનનું ઉદઘાટન કર્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલ સમાજના યુવાનોને આગળ વધવા માટે મહત્વનું કેન્દ્ર બનશે. શિક્ષણ - સંસ્કારની સાથે સહુના સહિયારા પ્રયાસથી કોઈ પણ સમાજનો વિકાસ થતો હોય છે.

શ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, દેશના બધા સમાજ આજે શિક્ષણની બાબતમાં જાગૃત થયા છે, દરેક સમાજ શિક્ષણને લઈને કઈ રીતે સમાજ માટે ઉપયોગી થઇ શકીએ તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે,  ચોર્યાસી કડવા પાટીદાર સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા ૩ર કરોડના ખર્ચે નિર્માણ પામેલા અત્યાધુનિક ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલ ભવનમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, ભોજનાલય, ઈ-લાઈબ્રેરી, ટ્રેનિંગ સેન્ટર, ઈનડોર ગેમ્સ, જીમ્નેશીયમ, મેરેજ હોલ, બેન્કવેટ હોલ, કોન્ફરન્સ હોલ અને ડોરમેટ્રી હોલ સહિતની અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

--------------

## VAV BY ELECTION SUSPEND

વાવ વિધાનસભા પેટાચૂંટણીના મતદાન માટે બે દિવસ બાકી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીએ કડક કાર્યવાહી કરી છે. પેટાચૂંટણીમાં ભાજપ સાથે બળવો કરીને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર માવજી પટેલ સહિત બનાસકાંઠા જિલ્લાના પાંચ આગેવાનોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ભાજપે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

જેમાં ભાભર માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન લાલજી ચૌધરી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન દેવજી પટેલ, ભાભર માર્કેટ યાર્ડના ચેરમેન દલરામ પટેલ, અને જામાભાઇ પટેલનો સમાવેશ થાય છે.

દરમિયાન ચૂંટણીને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર ગામડાઓમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં ભાજપ ઉમેદવાર સ્વરૂપજીએ સેડવ, જલોયા, માધપુરા, બોરું સહિત ના ગામ મા ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતે પણ વાવ ખાતે જાહેર સભાને સંબોધી હતી. અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલે આજે ભાભર તાલુકાના ગામડાઓમાં બાઇક રેલી સાથે પ્રચાર કર્યો હતો.

-----------------

## NAMO LAXMI + NAMO SARASWATI YOJNA

રાજ્યમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 174 કરોડ રૂપિયાની અને નમો સરસ્વતી યોજનામાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને આશરે 40 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે બે નવી યોજના 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

આ બંને યોજનાઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને યોજનાઓ શરૂ થવાથી રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીનીઓની સંખ્યામાં તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થશે.

---------------

## MOBILE HEALTH UNIT

રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ મળી રહે તેવા આશયથી હાલ રાજ્યમાં ૧૨૮ મોબાઇલ હેલ્થ યુનિટો કાર્યરત છે. જેમાં ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટ, ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ તેમજ ૫૩ મોબાઈલ હેલ્થ યુનિટનો સમાવેશ છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૪, વલસાડમાં ૧૧ અને બનાસકાંઠામાં ૯ મોબાઈલ હેલ્થ યુનિટ કાર્યરત છે.

છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૩૮ હજાર ૯૯ રૂટ કરી ૨૩ લાખ ૬૦ હજારથી વધુ નાગરિકોને ઓન રૂટ ઓ.પી.ડી. સેવાઓ આપી છે. જેમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૧૫ હજાર ૯૮૩ રૂટ ઉપર ૧૨ લાખ ૪૪ હજાર ૫૪૦ દર્દીઓની સેવા આપી, મોબાઈલ હેલ્થ યુનિટે ૧૩ હજાર ૯૭ રૂટ કરી ૩ લાખ ૯૦

હજાર ૭૧૨ તેમજ મોબાઈલ મેડિકલ યુનિટ દ્વારા ૯ હજાર ૧૯ રૂટ કરી ૭ લાખ ૨૫ હજાર ૨૫ નાગરિકોને સારવાર આપવામાં આવી છે.

---------

## MORBI - AIIMS MEDICAL CAMP

રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલાએ મોરબીની વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે AIIMS - રાજકોટ દ્વારા નિઃશુલ્ક મેગા આરોગ્ય તપાસ શિબિરનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું આરોગ્ય માળખું સબળ બન્યું છે. દેશમાં ૨૧ AIIMS નું નિર્માણ થઈ ચૂક્યું છે. આજે AIIMS દ્વારા જે મેડિકલ કેમ્પ યોજાઈ રહ્યો છે તે પ્રકારના મેડિકલ કેમ્પનું આગામી સમયમાં મોરબીના તમામ તાલુકાઓમાં અને અન્ય જિલ્લાઓમાં પણ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પમાં મેડિસીન, હાડકા, ફેફસા, કાન, નાક, ગળા, કેન્સર, આંખ, બાળરોગ, સ્ત્રીરોગ, સર્જરી, ચામડી, એનેસ્થેસિયા, દાંત, લેબોરેટરી અને એકસ રે તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

---------------

## KUNVARJI BAVALIYA – KHATMUHURAT

જળસંપત્તિ અને પાણી પુરવઠા, મંત્રી કુંવરજી બાવળીયાએ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના ગોરૈયા ગામ ખાતે ૨૭ લાખ ૨૮ હજાર રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું હતું.

શ્રી બાવળીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર જન-આરોગ્ય અર્થે સતત ચિંતિત છે. વિંછીયા તાલુકાના છેવાડાના ગામ ગોરૈયામાં આરોગ્ય કેન્દ્ર ટૂંક સમયમાં બની જશે. આથી, ગામલોકોને ઘર આંગણે પ્રાથમિક સારવાર મળતાં દૂર સુધી જવું નહીં પડે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્ર સાકાર થવા જઈ રહ્યું છે, જે ખુશીની વાત છે.

આ પ્રસંગે વિચરતી-વિમુક્ત જાતિના ૬ પરિવારોને વિનામૂલ્યે પ્લોટની સનદનું વિતરણ કરાયું હતું.

---------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## RAJKOT- S.T.VIBHAG

આગામી મંગળવારને બાર નવેમ્બરે શરૂ થનાર ગિરનારની લીલી પરિક્રમાને ધ્યાને રાખીને રાજ્યમાં અલગ-અલગ જિલ્લાઓમાં એસ.ટી. ડિવિઝનની બસો દોડાવવામાં આવનાર છે.

રાજકોટ એસ.ટી. ડિવિઝન રાજકોટ ડેપો, સુરેન્દ્રનગર, મોરબી અને ગોંડલથી જૂનાગઢ જવા 50 જેટલી બસ રાઉન્ડ ધી ક્લોક દોડાવશે. બસપોર્ટ પર જૂનાગઢ ગિરનાર પરિક્રમા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે. એક્સ્ટ્રા બસ નોન-સ્ટોપ જૂનાગઢ જશે. રાજકોટ એસટી ડિવિઝનના નિયામક જે.બી.કરોતરાએ વધુ માહિતી આપી છે..

(બાઈટ - જે.બી.કરોતરા - એસ.ટી.નિયામક રાજકોટ ડિવિઝન)

-----------------------------------

## NARMADA - JAL UTSAV

નર્મદા જિલ્લામાં જલ ઉત્સવ અભિયાન અંતર્ગત આજે ધારાસભ્ય ડો. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં જલ ઉત્સવ રન “દોડ” નું આયોજન કરાયું હતું. શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ રાજપીપલાથી પ્રારંભાયેલી આ દોડને ધારાસભ્ય ડો. દેશમુખે લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, જલ એ જ જીવન છે. પશુ-પક્ષી સહિત માનવજીવન માટે પાણી અમૃત સમાન છે. આવનારા સમયમાં જલસંકટની સ્થિતિ સર્જાય તે પહેલા જલસંચય અંગે લોકોમાં જાગૃતતા લાવવાના ઉમદા આશય સાથે સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ અભિયાન શરૂ કરાયો છે.

## (બાઇટ- ડો.દર્શના દેશમુખ, ધારાસભ્ય)

આ દોડમાં વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ, પોલીસ વિભાગના વિવિધ શાખાના જવાનો, યુવાનો, મહિલા-બાળકો સહિત 500 થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો.

------------------------

## CIVIL AANGDAAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવા વર્ષમાં વધુ એક અંગદાન થયું છે. સિવિલ હોસ્પિટલમાં થયેલું આ ૧૭૨ અંગદાન છે. જેમાં એક લીવર તેમજ બે કીડનીનું દાન મળ્યું છે. આધેડ વયના વ્યક્તિને સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ ૮મી નવેમ્બરે તેમને બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા.

સિવિલ હોસ્પિટલના ડોક્ટરોનાં પ્રયાસોથી દર્દીના પરીવારજનો અંગદાન કરવા સંમત થયા હતા.

સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષી જણાવ્યું હતું કે દિલ્હી ખાતે પાંચમી નવેમ્બરે યોજાયેલ ૧૬માં ફિક્કી એવોર્ડ સમારંભમાં ઓર્ગન ડોનેશનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સિવિલ હોસ્પિટલ અમદાવાદને જાણીતા ક્રિકેટર કપીલદેવનાં હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

-----------------------------------

## TANA RI RI MAHOTSAV

વડનગરમાં આજથી બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો પ્રારંભ થશે. હમણાં જ થોડી વારમાં રાત્રે 8 વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ મહોત્સવને ખુલ્લો મૂકશે. આ વર્ષે એવોર્ડ તાના-રીરી સમારોહમાં ખ્યાતનામ મહિલા પ્રતિભા સુશ્રી વિદુષી પદ્મા સુરેશ તલવલકર અને ડો.પ્રદીપ્તા ગાંગુલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઇ બેરા, ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા તાના-રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો સંગીતકલા રજૂ કરે છે. આજે નીરજ અને અમી ગ્રુપ તેમજ મૈથિલી ઠાકુર શાસ્ત્રીય ગાયન અને જાણીતા લોકગાયક ઓસમાણ મીર તેમના ગાયનથી શ્રોતાઓને ડોલાવશે. આવતીકાલે શશાંક સુબ્રમણ્યમ વાંસળી વાદન અને પાર્થિવ ગોહિલ ગ્રુપ સંગીતના સુરો રેલાવશે.

---------

## COP 29 – KANUBHAI DESAI

યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (COP29)ની 29મી પરિષદ અઝર બૈજાનના બાકુમાં આવતીકાલથી 22 નવેમ્બર સુધી યોજાશે. આ પરિષદમાં નાણા-ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

આ પરિષદમાં ગ્લોબલ વોર્મિંગને આબોહવા પરિવર્તન દ્વારા મહત્વાકાંક્ષી ઉત્સર્જન ઘટાડવા લક્ષ્યાંકો અને મજબૂત ક્લાયમેટ માટે વૈશ્વિક પ્રયાસોને વેગ આપવા ૨૦૦ થી વધુ દેશો વિચાર વિમર્શ કરશે. ગુજરાતે પુનઃપ્રાપ્ય ઉર્જા પહેલને પ્રોત્સાહન આપવા, સ્વચ્છ ટેકનોલોજીમાં રોકાણને પ્રોત્સાહન આપવા અને આબોહવા સ્થિતિ સ્થાપકતા માટે નવીન ઉકેલોને આગળ વધારવાના નવીન પ્રયાસોની ભૂમિકાને પ્રકાશિત કરાશે.

........................

## ARAVALLI - TULSI VIVAH

યાત્રાધામ શામળાજી ખાતે પહેલી વખત તુલસી વિવાહનો કાર્યક્રમ બે દિવસ યોજાશે..આગામી કારતક સુદ અગિયારસે તુલસી વિવાહનો મનોરથ ઉજવવામાં આવશે. મનોરથ આ વખતે દર વર્ષની સરખામણી કરતા કંઈક અલગ અને વધુ સારી રીતે ઉજવાય તે માટે એકાદશીથી પૂનમ સુધી શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, અને ભગવાન શામળિયાને રોજે રોજ વિશેષ રીતે શણગારવામાં આવી રહ્યા છે..